# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 29-03-2024 Morning : 7.45 to 7.55

Day : Friday National News

આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

************************************************************

- લોકસભાની બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું ગઇકાલે બહાર પડ્યું.
- યુક્રેનના વિદેશમંત્રી દિમિત્રો કુલેબા ભારતની બે દિવસીય સત્તાવાર મુલાકાતે ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા.
- NIA એ બેંગલુરુ રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં મુખ્ય કાવતરાખોરની ગઇકાલે ધરપકડ કરી.
- રશિયાએ ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમ સામે સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રતિબંધો પર નિષ્ણાતોની દેખરેખ રાખવાના પ્રસ્તાવને વીટો કરી દીધો છે.
- મિયામી ઓપન ટેનિસમાં ભારતના રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડોનની સર્વોચ્ચ ક્રમાંકિત જોડી પુરુષ ડબલ્સની ફાઇનલમાં પહોંચી.

************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# 2ND-PHASE-NOTIFICATION

લોકસભાની બીજા તબક્કાની આગામી 26મી એપ્રિલે યોજાનારી 88 બેઠકોની ચૂંટણી માટેનું જાહેરનામું ગઈકાલે બહાર પડ્યું છે. બીજા તબક્કાની ચૂંટણીમાં 12 રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની લોકસભાની 88 બેઠકો માટે મતદાન થશે જેમાં કેરળની 20, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની 8, મધ્યપ્રદેશની 7, બિહાર અને આસામની 5, બંગાળ અને છત્તીસગઢની 3 જ્યારે મણિપુર, ત્રિપુરા તેમજ જમ્મુ અને કાશ્મીરની દરેકની એક-એક બેઠકોની ચૂંટણી યોજાશે.

આ 88 બેઠકો માટે આગામી ચોથી એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો ભરી શકાશે. પાંચમીએ તેમની ચકાસણી થશે. જો કે, જમ્મુ- કાશ્મીરમાં ઉમેદવારી પત્રોની ચકાસણી આગામી છઠ્ઠી એપ્રિલે થશે.

દરમિયાન, લોકસભાની પહેલા તબક્કાની આગામી 19મી એપ્રિલે યોજાનારી 102 બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની છેલ્લી તારીખ 30મી માર્ચ છે.

લોકસભાની 102 બેઠકો માટે 30મી માર્ચે ઉમેદવારી પત્રો પાછા ખેંચાયા બાદ આ બેઠકો પર કેટલા ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે તે ચિત્ર સ્પષ્ટ થશે. 19મી એપ્રિલે મતદાન થયા બાદ આગામી ચોથી જૂને મતગણતરી હાથ ધરાશે.

..................................

રિપીટ (સાંજની)

# NTA-JEE-MAINS

રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ આગામી ચોથી એપ્રિલથી યોજાનારી જેઇઇ-મેન્સના બીજા તબક્કાની પરીક્ષા આપનાર અરજદારોને પરીક્ષા કેન્દ્રો અને શહેર ફાળવણીની એડવાન્સ સ્લીપ જારી કરી છે.

ઉલ્લેખનીય છે કે, દેશના 319 શહેરો અને વિદેશના 22 શહેરોના પરીક્ષા કેન્દ્રો એ આગામી ચોથીથી 12મી એપ્રિલ દરમિયાન જેઇઇ- મેન્સના બીજા તબક્કાની પરીક્ષા યોજાવાની છે. આ પરીક્ષા દરરોજ બે શિફ્ટમાં યોજાશે.

પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ એનટીએની વેબસાઇટ ઉપર પોતાની અરજીની સંખ્યા અને જન્મ તારીખ દાખલ કરીને પરીક્ષા કેન્દ્ર અને સંબંધિત શહેરની માહિતી મેળવી શકે છે. રાષ્ટ્રીય પરીક્ષા એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું છે કે, શહેરની માહિતી આપતી સ્લીપનો ઉપયોગ વિદ્યાર્થીઓ પરીક્ષાખંડમાં પ્રવેશ માટે કરી શકશે નહીં.

...................................

રિપીટ (સાંજની)

# UGC-PHD-NOTIFICATION

દેશની તમામ યુનિવર્સિટીઓને શૈક્ષણિક સત્ર 2024-25થી પીએચડીમાં પ્રવેશ માટે અલગ પ્રવેશ પરીક્ષાઓને બદલે નેટ સ્કોરનો ઉપયોગ કરવાના નિર્દેશ અપાયા છે..

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના અધ્યક્ષ એમ. જગદેશ કુમારે સોશિયલ મીડિયાના માધ્યમથી જણાવ્યું હતું કે, શૈક્ષણિક સત્ર 2024-25 થી, પીએચડીમાં પ્રવેશ માટે વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી પ્રવેશ પરીક્ષાઓની જગ્યાએ રાષ્ટ્રીય પાત્રતા પરીક્ષા-નેટ સ્કોરનો ઉપયોગ કરી શકશે.

તેમણે કહ્યું કે, નેશનલ ટેસ્ટિંગ એજન્સી આ અંગે કામ કરી રહી હોવાથી જૂન 2024ના સત્ર માટે NET એપ્લિકેશન પ્રક્રિયા વિશેની વિગતવાર માહિતી આગામી અઠવાડિયે ઉપલબ્ધ થવાની શક્યતા છે.

..................................

રિપીટ (સાંજની)

# MIAMI OPEN TENNIS-SF

મિયામી ઓપન ટેનિસમાં ભારતના રોહન બોપન્ના અને ઓસ્ટ્રેલિયાના મેથ્યુ એબ્ડોનની સર્વોચ્ચ ક્રમાંકિત જોડી પુરુષ ડબલ્સની ફાઇનલમાં પહોંચી ગઈ છે. સેમિફાઇનલમાં, તેઓએ સ્પેનના માર્સેલ ગ્રેનોલર્સ અને આર્જેન્ટિનાના હોરાસિયો ઝેબાલોસની ચોથી ક્રમાંકિત જોડીને 6-1, 6-4થી પરાજય આપ્યો હતો.

આવતીકાલે ફાઇનલમાં ભારતીય-ઓસ્ટ્રેલિયન જોડીનો મુકાબલો બીજા ક્રમાંકિત અમેરિકાના ઓસ્ટિન ક્રાજીસેક અને ક્રોએશિયાના ઇવાન ડોડિગ સાથે થશે. રોહન બોપન્ના તેની 14મી એટીપી માસ્ટર્સ થાઉઝન્ડ ફાઇનલમાં રમશે.

સેમિફાઇનલમાં જીતને કારણે 44 વર્ષીય બોપન્નાને એટીપી ડબલ્સ રેન્કિંગમાં વિશ્વના નંબર વન સ્થાનને ફરીથી મેળવવામાં મદદ કરશે.

..................................

પુલ, જયેશ વેગડા

# NIA – ARREST

રાષ્ટ્રીય તપાસ સંસ્થા- NIAએ બેંગલુરુ રામેશ્વરમ કાફે બ્લાસ્ટ કેસમાં મુખ્ય  કાવતરાખોરની ગઇકાલે ધરપકડ કરી છે.

એજન્સીએ કર્ણાટક, તમિલનાડુ અને ઉત્તરપ્રદેશમાં અનેક સ્થળોએ મોટાપાયે દરોડા પાડ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું છે કે ધરપકડ કરાયેલા મુખ્ય કાવતરાખોરે કાફેમાં IED બ્લાસ્ટ સાથે સંબંધિત કેસમાં અન્ય બે આરોપીઓને જરૂરી મદદ કરી હતી. રામેશ્વરમ કાફેમાં IED બ્લાસ્ટમાં અનેક લોકો ઘાયલ થયા હતા.

..................................

પુલ, જયેશ વેગડા

# RUSSIA VETOES UN

રશિયાએ ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમ સામે સંયુક્ત રાષ્ટ્રસંઘના પ્રતિબંધો પર નિષ્ણાતોની દેખરેખ રાખવાના પ્રસ્તાવને વીટો કરી દીધો છે.

પશ્ચિમી દેશોનો આરોપ છે કે, રશિયા પ્રતિબંધોનું ઉલ્લંઘન કરીને યુક્રેન વિરુદ્ધ ઉપયોગ માટે ઉત્તર કોરિયા પાસેથી શસ્ત્રો ખરીદવાના માધ્યમોને બચાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. 15 સભ્યોની સુરક્ષા પરિષદના 13 સભ્યોએ ઠરાવની તરફેણમાં મત આપ્યો જ્યારે ચીને ગેરહાજર રહ્યું હતું. જેનાથી આ સમયે ઉત્તર કોરિયા સામેના વાસ્તવિક પ્રતિબંધોમાં કોઈ ફરક પડશે નહીં, પરંતુ એપ્રિલના અંતમાં રશિયાનો વીટો પ્રતિબંધોને બિનઅસરકારક બનાવશે.

સંયુક્ત રાષ્ટ્રમાં રશિયાના રાજદૂત વાસિલી નેબેન્ઝિયાએ મતદાન પહેલા સુરક્ષા પરિષદને કહ્યું કે, પશ્ચિમી દેશો ઉત્તર કોરિયાને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે સંયુક્ત રાષ્ટ્ર નિષ્ણાતોની સમિતિ પર પશ્ચિમી દેશોનું રમકડું બની પક્ષપાતી માહિતી પ્રકાશિત કરીને અને અખબારોના મુખ્ય સમાચાર અને ખરાબ ફોટોગ્રાફ્સનું વિશ્લેષણ કરવાનો આરોપ મૂક્યો હતો. અમેરિકના ઉપરાજદૂત રોબર્ટ વૂડે નિષ્ણાત સમિતિના કાર્યને મહત્વપૂર્ણ ગણાવતા ચેતવણી આપી હતી કે રશિયાનો વીટો ઉત્તર કોરિયાને પ્રતિબંધો ટાળવા દેશે અને વૈશ્વિક સુરક્ષાને જોખમમાં મૂકતી લાંબા અંતરની બેલેસ્ટિક મિસાઇલો વિકસાવવા માટે પ્રોત્સાહિત કરશે.

..................................

પુલ, જયેશ વેગડા

# BADMINTON- MADRID OPEN

પીવી સિંધુ મેડ્રિડ ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપની મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી ગઈ છે. મેડ્રિડમાં પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં સિંધુએ તાઇવાનની હુઆંગ યુ સુનને 21-14, 21-12થી પરાજય આપ્યો હતો. હવે સિંધુનો મુકાબલો ક્વાર્ટર ફાઇનલમાં થાઇલેન્ડની સુપાનિદા કાટેથોંગ સામે થશે.

પુરુષ ડબલ્સમાં ધ્રુવ કપિલા અને એમ.આર. અર્જુનની ભારતીય જોડીએ સ્કોટલેન્ડના ક્રિસ્ટોફર ગ્રિમલી અને મેથ્યુ ગ્રિમલીને 21-17, 21-19થી પરાજય આપી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. હવે તેમનો મુકાબલો મલેશિયાના જ આરીફ અને આર. કે. યાપથી થશે.

મહિલા ડબલ્સમાં અશ્વિની પોનપ્પા અને તનિષા ક્રાસ્ટોની જોડીએ ઓસ્ટ્રેલિયાની ટિફની હો અને ગ્રોન્યા સોમરવિલેને 21-14, 21-8થી હરાવી હતી.

મિક્સ્ડ ડબલ્સની મેચમાં એન સિક્કી રેડ્ડી અને બી સુમિત રેડ્ડીની ભારતીય જોડીએ એલિસન લી અને પ્રેસ્લી સ્મિથની અમેરિકન જોડીને 22-20, 21-18થી હાર આપી હતી.

...................................

પુલ, જયેશ વેગડા

# IPL RESULT

IPLમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનો મુકાબલો કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે થશે. આ મેચ સાંજે 7.30 કલાકે બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે.

દરમ્યાન ગઇકાલે રમાયેલી એક મેચમાં રાજસ્થાન રોયલ્સે દિલ્હી કેપિટલ્સને 12 રને પરાજય આપ્યો હતો. જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. રાજસ્થાન રોયલ્સે 20 ઓવરમાં પાંચ વિકેટે રિયાન પરાગના અણનમ 84 રનની મદદથી 185 રન બનાવ્યા હતા. 186 રનના લક્ષ્યાંકના જવાબમાં દિલ્હી કેપિટલ્સ 5 વિકેટે 173 રન જ બનાવી શકી હતી. રિયાન પરાગને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

..................................

પુલ, જયેશ વેગડા

# ARUNACHAL PRADESH-SCRUTINY

અરુણાચલ પ્રદેશમાં 60 સભ્યોની વિધાનસભા અને બે લોકસભા બેઠકો માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની ગઈકાલે ચકાસણી કરવામાં આવી હતી. 58 વિધાનસભા બેઠકો માટે 168 ઉમેદવારી પત્રો માન્ય જણાયા હતા અને બે વિધાનસભા બેઠકો માટેના ઉમેદવારી પત્રોની ચકાસણી આજે સવારે 11 વાગ્યા સુધી મોકૂફ રાખવામાં આવી છે.

બે લોકસભા બેઠકો માટે 15 ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા. ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને કોંગ્રેસના ઉમેદવાર નબામ તુકી  સહિત અરુણાચલ પશ્ચિમ લોકસભા બેઠક માટે આઠ ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા.

અરુણાચલ પૂર્વ લોકસભા મતવિસ્તાર માટે સાત ઉમેદવારોના ઉમેદવારીપત્રો માન્ય જણાયા હતા. અરુણાચલ પ્રદેશમાં 60 સભ્યોની વિધાનસભા અને અરુણાચલ પશ્ચિમ અને અરુણાચલ પૂર્વ લોકસભા બેઠકો માટે 19 એપ્રિલે એક સાથે મતદાન યોજાશે.

...................................

પુલ, જયેશ વેગડા

# J&K-LOK SABHA SEAT

જમ્મુ અને કાશ્મીરમાં જમ્મુ લોકસભા બેઠક માટે ગઈકાલે બે ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા હતા. અમારા સંવાદદાતાએ જણાવ્યું છે કે, બીજા તબક્કામાં 26મી એપ્રિલે મતદાન થશે.

બહુજન સમાજ પાર્ટીના જગદીશ રાજ અને કવરિંગ ઉમેદવારો ચરણજીત ચરગોત્રા સહિતના બંને ઉમેદવારોએ રિટર્નિંગ ઓફિસરની કચેરી ખાતે ઉમેદવારી પત્રો રજૂ કર્યા હતા. આ બેઠક માટે ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ 4 એપ્રિલ છે, ઉમેદવારીપત્ર બપોરે 3 વાગ્યા સુધી જમા કરાવી શકાશે. ઉમેદવારી પત્રોની ચકાસણી 6 એપ્રિલે કરવામાં આવશે અને 8 એપ્રિલ સુધી ઉમેદવારી પત્રો પાછા ખેંચી શકાશે.

.................................

પુલ, જયેશ વેગડા

# KHARGE - PM LAWYERS LETTER

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું છે કે, દેશના ન્યાયતંત્ર પર પ્રધાનમંત્રી દ્વારા ટિપ્પણી કરવી યોગ્ય નથી. ન્યાયતંત્ર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ટિપ્પણીના જવાબમાં, શ્રી ખડગેએ કહ્યું કે, ભારતની સંસ્થાઓ ભારતના લોકોની સંપત્તિ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીએ આ સંસ્થાઓના નિર્માણ અને સંવર્ધનમાં મદદ કરી હતી.

ભારતના મુખ્ય ન્યાયાધીશને લખેલા પત્રમાં, હરીશ સાલ્વે, મનન કુમાર મિશ્રા અને પિંકી આનંદ સહિતના અગ્રણી વકીલોએ આરોપ લગાવ્યો છે કે, નિહિત સ્વાર્થ જૂથ ન્યાયતંત્ર પર દબાણ લાવવા, ન્યાયિક પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો અને વ્યર્થ તર્કના આધારે અદાલતોને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

................................

પુલ, હર્ષ લેઉંઆ

# UKRAINE FM VISIT

યુક્રેનના વિદેશમંત્રી દિમિત્રો કુલેબા ગઈકાલે ભારતની બે દિવસીય સત્તાવાર મુલાકાતે નવી દિલ્હી પહોંચ્યા હતા. તેમની મુલાકાત દરમિયાન, શ્રી કુલેબા વિદેશ મંત્રી અને નાયબ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર સાથે અધિકૃત બેઠકો સહિત અનેક ચર્ચાઓ કરશે.

એક નિવેદનમાં, વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે બંને નેતાઓ પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર દ્વિપક્ષીય ભાગીદારી અને સહયોગ અંગેના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

.................................

સિંધી ન્યૂઝ, જયેશ વેગડા

# Good Friday

દેશભરમાં ખ્રિસ્તી ભાઈ બહેનો આજે ગુડ ફ્રાઇ ડે બલિદાન દિવસ તરીકે મનાવી રહ્યા છે. આજના દિવસે  ઈસુ ખ્રિસ્તને વધ સ્તંભ પર લટકાવી દેવાયા હતા. તેમની યાદમાં આજના દિવસને શોકના દિવસ તરીકે મનાવાય છે.

ગુડ ફ્રાઈડે પર ચર્ચમાં ન તો ઘંટ વગાડવામાં આવે છે કે, ન તો મીણબત્તીઓ પ્રગટાવવામાં આવે છે. આ દિવસે ખ્રિસ્તી ધર્મના લોકો કાળા કપડા પહેરીને ચર્ચમાં આવે છે અને શોકસભાનું આયોજન કરે છે. કેટલાક લોકો તેને બ્લેક ફ્રાઈડે પણ કહે છે.

એમ કહેવાય છે કે ત્રણ દિવસ પછી ઈસુએ તેમના ભક્તોને દર્શન આપ્યા હતા. તેથી ખ્રિસ્તી ભાઈ બહેનો ઇસ્ટર સન્ડેનું પર્વ ઉમંગભેર ઉજવે છે.

................................

ડેસ્ક, જયેશ વેગડા